
# ગુજકોસ્ટના સહયોગથી શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટીટયુટમાં બે દિવસીય વર્કશોપ






ગાંધીનગર, તા. ૬
બાપુ ગુજરાત નોલેજ વિલેજની સંલગ્ન સંસ્થા શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી ૩જી માર્ચ થી ૪થી માર્ચ દરમિયાન "પાવર ઈલેક્ટ્રોનિક્સ એપ્લિકેશન્સ ઈન કંટ્રોલ ઓફ ઈલેક્ટ્રિકલ ડ્રાઈવ્સ" વિષય પર ગુજકોસ્ટના સહયોગથી બે દિવાસીય વર્કશોપ યોજાયો હતો. આ વર્કશોપનો મુખ્ય હેતુ ઈન્ડસ્ટ્રીમાં અલગ અલગ ઈલેક્ટ્રીકલ ડ્રાઈવ્સના કંટ્રોલ માટે પાવર ઈલેક્ટ્રોનિક્સને કેવી રીતે ઉપયોગમાં લેવાય છે તેમની વિધ્યાથીઓ ને પ્રેક્ટિકલ માહિતી આપવાનો હતો.

આ બે દિવાસીય વર્કશોપના પ્રથમ દિવસે મી. ચિરાગ ચૌહાણ, પ્રો. અમિત સંત અને પ્રોફેસર ચેતના મિશ્રાએ અલગ અલગ વિષયો પર ચર્ચા કરી પાવર ઈલેક્ટ્રોનિક્સ ઈલેક્ટ્રિકલ ડ્રાઈવ્સની સંપૂર્ણ માહિતી આપી હતી.

વર્કશોપના બીજા દિવસના પ્રથમ બે સેશનમાં એસ. બી. મહાજાની અને પ્રો. ચેતના મિશ્રાએ પ્રશ્નોતરી અને ચર્ચા સભા દ્વારા પાવર ઈલેક્ટ્રોનિક્સનું મહત્વ ઈન્ડસ્ટ્રી માટે કેટલું અગત્યનું છે તે સમજાવ્યું હતું. બીજા દિવસના અંતિમ સેશનમાં એમટેક ઈલેક્ટ્રોનિક્સ પ્રા.લી. ગાંધીનગરની વિઝિટ કરાવીને સંસ્થાના ૩૦ જેટલા ઈલેક્ટ્રિકલ એંજીન્યરિંગના વિધ્યાર્થીઓને સમગ્ર બે દિવસ દરમિયાન શિખેલા જ્ઞાનનો રૂબરૂમાં અનુભવ કરાવ્યો હતો.

સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન ઈલેક્ટ્રિકલ ડીપાર્ટમેંટના હેડ પ્રો. કિનલ પટેલ અને પ્રો. ચેતના મિશ્રાએ સંસ્થાના ડાયરેક્ટર પ્રો. રવિકુમાર અને પ્રિન્સીપાલ ડો. કિંજલ અધવર્યુના માર્ગદર્શન હેઠળ ખુબજ સફળતાપૂર્વક કર્યું હતું.

# આઈઆઈટી ગાંધીનગર ખાતે આંતરરાષ્ટ્રીય પરિષદ દરમિયાન ઇકોલોજી વિશેના વિવિધ દૃષ્ટિકોણો રજૂ થયા

**'અફેક્ટ, એમ્બોડીમેંટ એન્ડ ઇકોલોજીઃ મલ્ટી-ડિસિપ્લિનરી પર્સ્પેક્ટીવ્સ' વિષય પર ત્રણ દિવસીય આંતરરાષ્ટ્રીય સંમેલન ૩૦ થી વધુ વક્તાઓના અર્થપૂર્ણ વક્તવ્યો સાથે પૂર્ણ થયું**



ગાંધીનગર, તા. ૫
'અફેક્ટ, એમ્બોડીમેંટ એન્ડ ઈકોલોજીઃ મલ્ટી-ડિસિપ્લિનરી પર્સ્પેક્ટીવ્સ' (અસર, મૂર્ત સ્વરૂપ અને ઈકોલોજીઃ બહુ-શાખાકીય દ્રષ્ટિકોણો) વિષય પર ત્રણ દિવસીય આંતરરાષ્ટ્રીય પરિષદનું ગઈકાલે ભારતીય પ્રૌદ્યોગિકી સંસ્થાન ગાંધીનગર (આઈઆઈટી ગાંધીનગર) ખાતે સમાપન થયું. આ પરિષદમાં વિવિધ શાખાઓના દ્રષ્ટિકોણથી હ્યુમન્સ અને નોન-હ્યુમન્સમાં ભાવનાત્મક અસર, તેના મૂર્ત સ્વરૂપ અને ઈકોલોજી વચ્ચેના સંબંધને સમજવાની નવી રીતો પર ચર્ચા કરવામાં આવી હતી. ફીલોસોફી, માનસિક વિજ્ઞાન, ભાષાશાસ્ત્ર, નૃવંશવિજ્ઞાન, સમાજશાસ્ત્ર, પર્યાવરણીય અભ્યાસ, સાહિત્ય અને ઈતિહાસ જેવા વિવિધ વિદ્યાશાખાના ફેકલ્ટી અને ડોક્ટરલ વિદ્યાર્થીઓએ વિવિધ સત્રો દ્વારા ઝડપથી બદલાતી પર્યાવરણીય પરિસ્થિતી પર વિવિધ પાસાઓ રજૂ કર્યા.

આ સંમેલનની શરૂઆત ૦૨ માર્ચ, ૨૦૨૦ના રોજ આઈઆઈટી ગાંધીનગરના આ પરિષદના આયોજકો પ્રોફેસર અંબિકા ઐયાદુરાઈ, પ્રોફેસર અર્કા ચટ્ટોપાધ્યાય અને પ્રોફેસર નિશાંત ચોક્સીએ કરી હતી. તેમણે આ પરિષદની પૃષ્ઠભૂમિ આપી હતી. ત્રણ દિવસ દરમિયાન ચાર વક્તાઓ દ્વારા આ પરિષદમાં ત્રણ કી-નોટ પ્રેઝન્ટેશન્સ હતા. પ્રથમ કી-નોટ ઓસ્ટ્રેલિયાની સિડની યુનિવર્સિટીના પ્રોફેસર માર્ક બાયરન દ્વારા "બીટવીન બોન, સ્ટોન એન્ડ વુડઃ એમ્બોડીમેંટ, ઈકોલોજી અને સમકાલીન સાહિત્યમાં ભૌતિકવાદ" વિષય પર આપવામાં આવ્યું હતું. પ્રોફેસર બાયરને તેમના વક્તવ્યમાં સમજાવ્યું કે કેવી રીતે પ્રજાતિઓનું લુપ્ત થવું, પ્રદૂષણ, આબોહવા પરિવર્તન વગેરે જેવા પર્યાવરણીય ફેરફારોએ ઊંડાણપૂર્વક સાહિત્યિક અભ્યાસની દિશાને ઘડી છે. તેમણે સેમ્યુઅલ બેકેટ્ટ, જ્હોન રસ્કિન, કોનરેડ માર્ટીન્સ અને રાલ્ફ વાલ્ડો ઈમર્સન જેવા લેખકો અને કવિઓની વિવિધ સાહિત્યિક કૃતિઓનો સંદર્ભ આપ્યો, જેમાં તેમણે ઈકોલોજી, આબોહવાની પરિસ્થિતિઓ વિશેની વિગત વર્ણવી છે અને તેનાથી વૈશ્વિક પ્રશ્નોની આપણી સમજણ પર કેવી અસર થાય છે.

"અભિવ્યક્તિ અને અસરઃ પ્રાકૃતિક લેન્ડસ્કેપ્સમાં રોજિંદા કાવ્યો" વિષય પરનું બીજું કી-નોટ જાપાનની ક્યોટો યુનિવર્સિટીના પ્રોફેસર નાથન બડેનોચ અને ક્યોટોની રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ ફોર હ્યુમનિટી એન્ડ નેચરના પ્રોફેસર તોશીકી ઓસાદાએ સંયુક્ત રીતે આપ્યું હતું. બંને વક્તાઓએ કુદરતી વાતાવરણના અનુભવમાં અભિવ્યક્તિ અને ભાવનાત્મક અસર વચ્ચેની કડીઓ આબેહૂબ વ્યક્ત કરી હતી. તેમણે પૂર્વીય ભારતની સાંતાલી ભાષા, ઝારખંડની મુન્દારી ભાષા અને તિબેટો-બર્મન ભાષા સીડાના ઉદાહરણો પૂરા પાડ્યા, તે ત્રણેય દક્ષિણ-એશિયન ભાષાઓમાં અભિવ્યક્તિની સામાન્ય લાક્ષણિકતા છે, જેમાં એવા શબ્દો છે કે જે 'કહેવા' કરતાં 'બતાવે' છે, જેનાથી ભાષા બોલનારના વર્ણનને બળ મળે છે. તેઓએ સમજાવ્યું કે રોજિંદા વ્યવહારોમાં આ અભિવ્યક્તિસભર ભાષાનો ઉપયોગ કરવાથી થતી ભાવનાત્મક અસરમાં સ્વરૂપ, અર્થ અને લાગણી ફાળો આપે છે.

આઈઆઈટી ગાંધીનગરની હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સ શાખા દ્વારા આ પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું અને ઈન્ડિયન કાઉન્સીલ ઓફ સોશિયલ સાયન્સ રીસર્ચ (આઈસીએસએસઆર) દ્વારા તેને કો-સ્પોન્સર કરાઈ હતી. જવાહરલાલ નહેરુ યુનિવર્સિટી; આઈઆઈએસઈઆર ભોપાલ; આઈઆઈટી મદ્રાસ; કર્ણાટક યુનિવર્સિટી; આઈઆઈટી ગાંધીનગર; યુનિવર્સિટી ઓફ લખનઉ; સેન્ટ ઝેવિયર્સ યુનિવર્સિટી કોલકાતા; ઈંગ્લીશ એન્ડ ફોરેન લેંગ્વેજ યુનિવર્સિટી, હૈદરાબાદ; હોમી ભાભા સેન્ટર ફોર સાયન્સ એજ્યુકેશન, મુંબઈ; ડેક્કન કોલેજ, પુણે; જેવી ઘણી યુનિવર્સિટીઓનું પ્રતિનિધિત્વ કરતા ભારતના દસ જુદા જુદા રાજ્યોના સહભાગીઓએ આ પરિષદમાં ભાગ લીધો હતો.

# એસ.વી. પ્રી સ્કૂલના બાળકોએ છોડવાઓને ગરમીથી રાહત આપી



ગાંધીનગર, તા. ૬
ગરમીએ ધીરે પગલે આગમન કરતાં જ વૃક્ષો અને છોડવાઓને પણ પાણીની જરૂરિયાત ઊભી થઈ છે, ત્યારે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર સંચાલિત એસ. વી. ઈંગ્લિશ મીડિયમ પ્રી સ્કૂલના સીનીયર કે.જી.ના બાળકોએ પોતાની સ્કૂલમાં જ આવેલ બગીચાના નાના છોડવાઓને પાણી સીંચી, પુણ્યનું કામ કર્યું હતું અને પોતાના ઘરમાં આવેલા છોડવાઓને પણ પાણી સીંચવાના શપથ લીધા હતા.

# રાજય પરીક્ષા બોર્ડ દ્વારા આયોજિત સેકન્ડરી સ્કોલપશીપ પરીક્ષામાં હીરામણિ શાળાના ૭ વિદ્યાર્થીઓની પસંદગી




ગાંધીનગર, તા. ૬
રાજય પરીક્ષા બોર્ડ દ્વારા આયોજિત સોકન્ડરી સ્કોલરશીપ પરીક્ષા-૨૦૧૯માં હીરામણિ શાળાના ૭ વિદ્યાર્થીઓ (૧. હિમાંશુ ડાભી, ૨. સત્યજીત ચૌધરી, ૩. ધ્રુમી પટેલ, ૪. અભિકુમાર પરેજીયા, ૫. પ્રિન્સ સાધુ, ૬. વાસુ સાવલીયા, ૭. ક્રિમા ઠક્કર)ની પસંદગી થઈ હતી. તેમાં હિમાંશુ ડાભી કુલ ૧૫૨ ગુણ સાથે અમદાવાદ રુરલમાં પ્રથમ ક્રમાંકે પસંદગી પામ્યા હતા. સંસ્થાના પ્રમુખ નરહરિ અમીન, સીઈઓ ભગવતાભાઈ અમીન, શૈક્ષણિક સલાહકાર, એ.સી. ગોપાણી, આચાર્ય ડૉ. ગુંજન શાહ અને કૉ. ઓર્ડિનેટર શિરીષભાઈ પટેલ તમામ વિદ્યાર્થીઓનો અભિનંદન પાઠવ્યા હતા.

## ડાયરેક્ટ ❤ સે

જો મહેનત કર્યા પછી પણ સપના પૂરા ન થાય તો રસ્તો બદલો સિદ્ધાંત નહીં...

વૃક્ષ પણ હંમેશા પાંદડા બદલે છે મૂળ નહીં...

## જન્મદિને વધામણી


ધૈર્ય નિકેશ બ્રહ્મભટ્ટ
મો. ૯૯૧૩૦ ૯૮૬૨૦


સિધ્ધાર્થ રાજેન્દ્ર વાળા
મો. ૯૯૦૯૯ ૯૫૪૨૨


વિવેક મહેશકુમાર પરમાર


વિનય મહેશકુમાર પરમાર


કાવ્યા ભરતભાઈ ગાંગાણી

# બોર્ડની પરીક્ષાના કારણે ઘણું સ્ટ્રેસ અનુભવું છું ? શું કરવું?




નમસ્કાર. આપ સૌ વાચક મિત્રોના સાથ અને સહકાર થી આજે ફરી અમે આ કૉલમમાં પ્રસ્તુત થયા છીએ. 'કરિયર કોર્નર' કૉલમમાં હવે પ્રશ્નો માત્ર ગાંધીનગરથી નહીં પણ અન્ય શેહરો અને ગામો જેમ કે કલોલ. હિમતનગર, દેહગામ અને માણસાથી પણ આવી રહ્યા છે. આપ સૌનો પ્રતિસાદ અમને ખૂબ પ્રોત્સાહિત કરે છે. અમે આપના પ્રશ્નોનો ચોક્કસ અને સચોટ ઉત્તર આપવાની કોશિશ કરીએ છીએ. જગ્યાની મર્યાદા હોવા થી અમે બધા પ્રશ્નો પ્રકાશિત નથી કરી શકતા પણ તમને જવાબ ચોક્કસ મળશે.

હવે આપ અમને ફેસબુક પર 'લાઈક' કરી શકો છો: facebook.com/questions.careercroner

**૧. હું ધોરણ ૧૨ સાયન્સ માં અભ્યાસ કરું છું.બોર્ડ ની પરીક્ષા ના કારણે ઘણું સ્ટ્રેસ અનુભવું છું.જેના કારણે ભૂખ પણ નથી લાગતી અને ગુસ્સો પણ આવે છે.શું કરવું?**

**શ્રેય ત્રિવેદી, ગાંધીનગર**

પરિણામ તમારા માટે જરૂરી છે. પણ સ્ટ્રેસ માત્ર પરિણામ ના લીધે નહીં પણ કોઈ પણ કારણસર ના થવું જોઈએ. કદાચ તમારે પોતાના સમયને સાચી દિશામાં વાપરવાની જરૂર છે. સમયનો સદુપયોગ એ તમારી સમસ્યાનું નિરાકરણ હોઈ શકે છે. દરરોજ સવારે તમે શું કરવા માંગો છો તે નક્કી કરો. પેપર પર ટુ-ડુ લિસ્ટ બનાવો.સૂચિ ગોઠવો અને યોજના બનાવો. યોજના પ્રમાણે વાંચવાનું ચાલુ કરો.જે વિચાર્યું છે એ વાંચન પૂર્ણ ન થાય ત્યાં સુધી ઉંઘવાનું નહીં. હવે જ્યારે તમારી પરીક્ષા નજીક છે તો ખાસ ધ્યાન રાખજો કે તમને કોઈ પણ પ્રકારનું સ્ટ્રેસ



થાય નહીં. જે તમારે વાંચવાનું હતું તે તમે વાંચી ચૂક્યા છો. હવે તમે જે તમને ફાવે છે તેના પર ધ્યાન કેન્દ્રિત કરો. નવી- નવી વસ્તુઓ કે નવા-નવા વિષયો હવે શીખવાની લગભગ જરૂર નથી. જૂના પેપર્સ જોઈને તેની પ્રેક્ટિસ કરો. જેટલું બને તેટલું શિખેલી વસ્તુઓનું રિવિઝન કરો. આમ કરવા થી તમારું પરિણામ ચોક્કસપણે સુધરશે. રાત્રે સુતા પહેલા એટલી ખાતરી કરવી કે તે દિવસનું નક્કી કરેલું કાર્ય પૂર્ણ છે.તમને પોતાને જ ફરક જણાશે. તમારી સમસ્યા દૂર થશે અને અભ્યાસ પ્રતિ આત્મવિશ્વાસ વધશે. આપ ચિંતા કર્યા વગર શાંત દિમાગથી તૈયારી કરો. સફળતા જરૂર મળશે.અને રહી વાત ગુસ્સા અને ભૂખ ની તો યાદ રાખો કે ગુસ્સો ક્યારેય કોઈ સમસ્યા નો ઉકેલ બનેલ નથી.ઉલટા નું તેનાથી પરિણામ પર નકારાત્મક અસર થઈ શકે છે.જો આપ પરિણામ પ્રત્યે હકારાત્મક વિચાર રાખસો તો ચોક્કસ ગુસ્સા ઉપર કંટ્રોલ રાખી શકશો.અને આ સમયગાળા માં જમવા ઉપર ખાસ ધ્યાન રાખવું.બની શકે ત્યાં સુધી બહાર ના જંક ફૂડ થી બચવું અને મધ્યમ અને સંતોલીત આહાર ને જ પ્રાથમિકતા આપવી જે થી પરીક્ષા દરમિયાન આપ તંદુરસ્ત રહી શકો.ઓલ ધ બેસ્ટ! આ ઉપરાંત પણ તમને વધુ જાણકારી જોઈએ તો તમે અમને ઈમેઈલ કે વ્હોટ્સ એપ કરી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે.

**૨. હું બી.એસ.સી માં અભ્યાસ કરું છું.હું સંરક્ષણ ક્ષેત્રે આગળ વધવા માંગુ છું.સી.એ.પી.એફ ની પરીક્ષા વિષે માહિતી આપવા વિનંતી.**

**- અખિલ કનોજિઆ**

કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળ (સીએપીએફ) એ ગૃહ મંત્રાલયના અધિકાર હેઠળ ભારતમાં સાત સુરક્ષા દળોના સમાન નામકરણનો સંદર્ભ આપે છે. તેઓ આસામ રાઈફલ્સ (એઆર), સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (સીઆરપીએફ), બોર્ડર સિક્યુરિટી ફોર્સ (બીએસએફ), સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રીયલ સિક્યુરિટી ફોર્સ (સીઆઈએસએફ), નેશનલ સિક્યુરિટી ગાર્ડ (એનએસજી), ઈન્ડો-તિબેટીયન બોર્ડર પોલીસ (આઈટીબીપી) અને સશસ્ત્રાસીમા બાલ (એસએસબી).આ જે જગ્યાઓ છે એ મુખ્યત્વે ૩ પ્રકારે ભરવામાં આવે છે. એક છે ગેઝેટેડ અધિકારી જે યુ.પી.એસ.સી. દ્વારા લેવામાં આવતી સેન્ટ્રલ સશસ્ત્ર પોલીસ દળ (સહાયક કમાન્ડન્ટ્સ) ની પરીક્ષા દ્વારા સીએપીએફમાં અધિકારીઓની ભરતી કરવામાં આવે છે.બીજુ છે સબઓર્ડિનેટ ઓફિસર જે સ્ટાફ પસંદગી આયોગ(એસ.એસ.સી) દ્વારા લેવામાં આવતી સ્પર્ધાત્મક પરીક્ષા દ્વારા પેટા નિરીક્ષકોની ભરતી કરવામાં આવે છે અને તેઓને




ડીએસઓ (સીધા નિમણૂક કરેલા સબઓર્ડિનેટ અધિકારીઓ) તરીકે ઓળખવામાં આવે છે.અને ત્રીજી જગ્યા છે કોન્સટેબલ માટે સ્ટાફ પસંદગી આયોગ(એસ.એસ.સી) દ્વારા લેવામાં આવતી સ્પર્ધાત્મક પરીક્ષા દ્વારા નિયુક્ત કરવામાં આવે છે.હવે જો આ બધા માટે લેવામાં આવતી પરીક્ષા ની વાત કરીએ તો આ પરીક્ષા સ્નાતક કક્ષા ના વિદ્યાર્થીઓઆપી શકે છે.૨૦ થી ૨૫ વર્ષ સુધી ના વિદ્યાર્થીઓ આ માટે લાયક ઉમેદવાર છે.એ માટે તમે ઓનલાઈન ફોર્મ થકી આપ ઉમેદવારી નોંધાવી શકો છો. આ પરીક્ષા મુખ્યત્વે ત્રણ તબક્કા માં થાય છે.પ્રથમ તબક્કા માં ઓબ્જેક્ટિવ રૂપે જનરલ એબીલીટી અને સામાન્ય જ્ઞાન ના પ્રશ્નો પુછવામાં આવે છે.બીજા તબક્કા માં આપનું મેડિકલ અને ફિઝિકલ ચેકિંગ થાય છે.અને છેલ્લે ઈન્ટરવ્યુ થકી ભરતી કરવામાં આવે છે. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. ઓલ ધ બેસ્ટ!

**૩. હું ધોરણ ૧૨ માં અભ્યાસ કરું છું. જી.આઈ. પી.એમ.ઇ. આર પરીક્ષા ઉત્તીર્ણ કરવા શું કરવું? માર્ગદર્શન આપશો.**

**- પ્રીતિ રાજપૂત, અમદાવાદ**

જી.આઈ.પી.એમ.ઈ.આર (જવાહરલાલ ઈન્સ્ટિટ્યુટ ઓફ પોસ્ટગ્રેજ્યુએટ મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ) એ ટોચની સૌથી તબીબી સંસ્થા છે જે ૧૯૫૬ પછીથી ભારત સરકાર હેઠળ સ્થાપિત થઈ હતી. જી.આઈ.પી.એમ.ઈ.આર



એમબીબીએસ, પીજી, એમડી અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે તબીબી પ્રવેશ પરીક્ષા યોજાય છે. આ પરીક્ષા ભારતના એમબીબીએસ ડિગ્રીને અનુસરવાની ઈચ્છા ધરાવતા ઉમેદવારો માટે તબીબી પ્રવેશ પરીક્ષા માટે ખૂબ મહત્વનું ધરાવે છે. કારણ કે જી. આઈ. પી.એમ. ઈ.આર એઆઈએમએસ, સીએમસી અને એએફએમસીની બાજુમાં ભારતની ટોચની તબીબી સંસ્થાઓમાં ચોથા સ્થાન પર છે. થી વિદ્યાર્થીઓ જી.આઈ. પી.એમ.ઈ. આર વિશ્વભરમાં ઉચ્ચ પ્રતિષ્ઠા સાથે ઓળખાય છે. આ પરીક્ષા માં મુખ્યત્વે બાયોલોજી, કેમેસ્ટ્રી, ફિઝીક્સ ,અંગ્રેજી અને થોડાઘણાં અંશે તાર્કિક ને લગતા પ્રશ્નો પૂછાય છે. આ અભ્યાસક્રમ ને અનુસરી એનસીઈઆરટી પુસ્તકોથી ગંભીરતાપૂર્વક તૈયાર થવાનું શરૂ કરો. જી.આઈ.પી.એમ.ઈ.આર. એનસીઈઆરટી પુસ્તકોમાં મોટા ભાગના અભ્યાસક્રમો આવરી લે છે. જી. આઈ. પી.એમ. ઈ. આર. અગાઉના વર્ષ પ્રશ્નોની ખૂબ પ્રેક્ટિસ કરો. બધા પાછલા વર્ષના પ્રશ્નોને ઉકેલવામાં ખરેખર તમને આ પરીક્ષા ઉત્તીર્ણ કરવામાં ઘણી મદદ કરશે જી.આઈ. પી.એમ.ઈ. આર ઉચ્ચ સ્કોર સાથે. તમારી ક્ષમતા અનુસાર સ્વયં અભ્યાસ યોજનાની વ્યૂહરચના મેળવો. સમય વ્યવસ્થાપન ખૂબ જ મહત્વપૂર્ણ છે. દરેક સંભવિત પ્રશ્નનો હાજરી આપવાનો પ્રયાસ કરો કારણ કે આ પરીક્ષા માં કોઈ નકારાત્મક માર્કસ હોતા નથી. અંગ્રેજી અને તર્ક ને લગતા પ્રશ્નો પર સારી રીતે ધ્યાન કેન્દ્રિત કરો. અન્ય વિભાગની તુલનામાં આ સરળ વિભાગ છે. સૈદ્ધાંતિક રૂપે દરેક વિષયને લોજિકલ ધોરણે અભ્યાસ કરવાનો પ્રયાસ કરો. આનો અર્થ એ છે કે, વિષયના મૂળ ખ્યાલને સમજો અને સમાન મુદ્દાના વિવિધ પ્રકારનાં પ્રશ્નોને ઉકેલવાનો પ્રયાસ કરો. શુભકામનો એક જ્વલંત કારદીર્દી માટે.

ઈમેલ:questions.career corner@ mail.com
વોટ્સએપ નંબર: ૮૮૪૯૨૨૧૬૫૩, ફેસબુક: www. facebook.com/questions.careercroner



ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની બોર્ડની પરીક્ષાના પ્રથમ દિવસે અખિલ આંજણા કેળવણી મંડળના પદાધિકારીઓ, મંત્રી શંકરભાઈ ચૌધરી અને જે એમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય ગાંધીનગર સ્ટાફ સંચાલકો દ્વારા પરીક્ષાર્થીઓને ગુલાબ અને સાકર આપી સ્વાગત કરવામાં આવ્યું હતું.

# અનન્ય સ્કૂલ વિદ્યાર્થીઓને વડોકાઈ કરાટે દ્વારા રેન્ક ટેસ્ટનું આયોજન



કલોલ, તા. ૬
કલોલના અનન્ય સ્કૂલમાં અભ્યાસ કરાવનાર કોચ સેન્સાઈ સુરજ ત્રિપાઠી દ્વારા લેવામાં આવેલ રેન્ક ટેસ્ટમાં વિદ્યાર્થીઓએ બેલ્ટ ડિગ્રી મેળવી કરાટેના ટેસ્ટમાં પાસ થઈ આગળ વધ્યા હતા. કોચ સેન્સાઈ સુરજ ત્રિપાઠી દ્વારા પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. અનન્ય સ્કૂલના ગુજરાતી મીડિયમના પ્રિન્સિપાલ શ્રીમતી રીના પટેલ, સીબીએસઈ વિભાગના સુનંદા શિબુ તથા ઈંગ્લીશ મીડિયમના પ્રિન્સિપાલ શ્રીમતી નિતુ માથુર ત્રણેયે વિભાગના પ્રિન્સિપાલોએ પદવી મેળવનાર વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.